**આંક– ૧૧**

**શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ સમક્ષ.**

**એપ્રુવલ અરજી નં. ૫૪/૨૦૨૫**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૫૧/૨૦૨૩**

**અરજદાર** : વિભાગીય નિયામકશ્રી,

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ,

વિભાગીય કચેરી હબટાઉન પ્રથમ માળ,

ગીતા મંદિર એસ.ટી.,અમદાવાદ વિભાગ,

અમદાવાદ

**વિરૂધ્ધ**

**સામાવાળા** : શ્રી. સિસોદીયા વિજયકુમાર લાખુભાઈ

હોદ્દો–કંડકટર (ફિક્સ પગારી)

એસ.ટી. ધંધુકા ડેપો

સરનામું:–મુ.પો.ચંડીસર

તાલુકો. ધોળકા, જિલ્લો– અમદાવાદ

પિન કોડ નં.–૩૮૨૨૬૦

<u>**હાજર રહયા:–**</u>

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એચ.સી.નાયડુ.
સામાવાળા તરફે : ગેરહાજર.

**બાબત:–**<u>ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.</u>

## -: ચુકા દો :-

**૧.** અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેને હવે પછીથી ટુંકમાં ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખેલ છે) ની કલમ-૩૩ (૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

**૨.** અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની સંસ્થામા સામાવાળા કંડક્ટર તરીકે એસ.ટી. ધંધુકા ડેપો ખાતે નોકરી કરે છે. અરજદાર સામાવાળા ને તહોમત પત્ર નં.-૦૦૫૨/૨૦૨૪ પત્ર ક્રમાંક નં/ડીએમએ/ધંધુકા/એડમ/ડીફ્રો/૦૦૪૬/૨૦૨૪ જાવક નંબર-૬૯૯/૨૦૨૪ તા.૧૧/૦૯/૨૦૨૪ વાળો આપવામા આવેલ છે. જે તેઓને મળેલ છે. પરંતુ તેમના દવારા કોઈ લેખિત ખુલાસો કરેલ નથી. ઉપરોકત તહોમત પત્ર અનવ્યે સામાવાળા સામે ખાતાકીય તપાસમાં પુરતી બચાવની તક આપી કાર્યવાહી કરવામા આવેલ છે. જે કાયદેસરની સેવાકીય નિયમો અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની હતી અને તે મુજબ સામાવાળા સાથે સજા બાબતમા કારણદર્શક નોટીસ તા.૧૦/૧૨/૨૪ ના રોજ થી આપવામા આવેલ. જેનો જવાબ મજકુર ધ્વારા રજુ કરેલ ના હોય તા.૨૫/૦૩/૨૫ થી બરતરફનો હુકમ પસાર કરવામા આવેલ. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે કરવામાં આવેલ ઉપરોક્ત હુકમ ન્યાયી, વ્યાજબી, કાયદેસરનો છે અને તે હુકમ તેઓની સામે કુદરતી ન્યાયના સિધ્ધાંતોના નિયમો અનુસારનો અને સેવાકીય નિયમો અનુસાર તપાસ બાદ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તપાસની કાર્યવાહીના તમામ કાગળો જુદા લીસ્ટ થી સામેલ કરવામા આવે છે.

વધુમાં જણાવેલ છે કે, ઔધોગિક ન્યાયપંચ સમક્ષ રેફરન્સ (આઇ.ટી.) નં. ૫૧/૨૦૨૩ સુનાવણી માટે પડતર છે અને સામાવાળા તે કાર્યવાહીમાં સંબંધિત કામદાર છે અને જેથી આ અરજી ઔધોગિક વિવાદ ધારાની કલમ ૩૩ (૨)(બી) અન્વયે સંમતિ મેળવવા કરવાની જરુર પડેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળાને બરતરફ કરવાના હુકમ સમયે કલમ ૩૩(૨)(બી) અન્વયે એક માસના પગારની રકમ આપવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે ઉપર જણાવ્યા મુજબ અરજદારે લીધેલ છુટા/બરતરફ કરવાનું પગલું ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનું હોય તે સંમતિ મેળવવા માટે પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની છે. આમ છતા સામાવાળાને આપવામાં આવેલ તહોમત અંગે ન્યાયપંચ એવા તારણ ઉપર આવે કે તપાસ કાયદેસરની નથી અને/અથવા ક્ષતિપુર્વકની છે તો તેવા સંજોગોમાં અરજદારે સામાવાળાને આપવામાં આવેલ તહોમત અંગે ન્યાયપંચ સમક્ષ યોગ્ય પુરાવા લઇ તે પુરવાર કરવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

અરજદાર તરફે આંક-૨ ના લીસ્ટથી રીપોર્ટરનો રિપોર્ટ તેના બિડાણો સહિતનો, અરજદારે સામાવાળાને આપેલ તહોમત પત્ર, રૂબરુ સુનાવણી પત્રો અને ખાતાકીય કાર્યવાહી, તપાસ અધિકારીનુ તારણ, કારણદર્શક નોટીસ તથા તેના બિડાણો, સક્ષમ અધિકારીશ્રીનો આખરી નિર્ણય, સામેવાળાને આપેલ બરતરફીનો હુકમ, બરતરફી હુકમ આર.પી.એ.ડી.પહોચ અને મનીઓર્ડર પહોચો. રજુ થયેલ છે.

૩. સામાવાળાને ધોરણસરની જવાબ–સુનાવણીની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, સામાવાળાને નોટીસ બજવા છતાં, સામાવાળા તરફે કોઈ હાજર ન રહેલ નથી કે અરજદારની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ નથી. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે જવાબ રજુ કરવામાં ન આવતા આંક–૬ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

૪. અરજદાર તરફે આંક–૭ થી શ્રી મલેક મુર્તુજાઅલી જેસરખાન, ડેપો મેનેજરશ્રી, ધંધુકાનાઓનું સોગંદનામું રજુ થયેલ છે. સામાવાળા તરફે ઉલટતપાસ કરવા કોઈ હાજર ન રહેતા આંક–૮ ની અરજી ઉપર હુકમ સામાવાળાનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

૫. અરજદાર તરફે આંક–૯ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે કોઈ સાક્ષી પુરાવા રજુ કરવામાં ન આવતા આંક–૧૦ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો સાક્ષી–પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૬. આ કામના અરજદારના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી, સામાવાળા તરફે કોઈ હાજર ન રહે તા આ કામ ન્યાયના હિતમાં હુકમ ઉપર લેવામાં આવેલ છે.

૭. સામાવાળા તરફે કોઈ હાજર રહેલ નથી કે અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર સાક્ષીની ઉલટતપાસ પણ કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં સામાવાળા ધ્વારા અરજદારની અરજીની હકીકતોને પડકારવામાં આવેલ ન હોય કે સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોઈ, અરજદારે અરજીમાં જણાવેલ

હકીકતો તેમજ અરજદાર સાક્ષીએ સોગંદનામામાં જણાવેલ હકીક્તો ન માનવાને કોઈ કારણ રહેતું નથી. અરજદારની અરજીની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદારે સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફીના હુકમ સમયે ધી આઈ.ડી.એકટની કલમ–૩૩(૨)(બી)ની આજ્ઞાત્મક જોગવાઈઓનું અક્ષરસહ પાલન કરેલ હોવાનું પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે .

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારની એપ્રુવલ અરજી નં. ૫૪/૨૦૨૫ મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારના સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને આથી બહાલી આપવામાં આવે છે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૯–૦૪–૨૦૨૬

**(રઝિયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

એસ.જી.રામાણી